# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - ઑક્ટોબર - ૨૦૨૪

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) યાજક : પરિવારના આગેવાન તરીકે પુરુષનું એક કામ યાજક તરીકેનું પણ છે. યાજકનું મુખ્ય કામ ઈશ્વર સમક્ષ લોકો માટે મધ્યસ્થી કરવાનું હતું. (લેવીય ૯:૭) હે પ્રભુ, હું મારી પત્ની અને બાળકો માટે મધ્યસ્થી કરવામાં કદી નિષ્ફળ ન જાઉં, એવું થવા દો.

(૨) પ્રબોધક : પરિવારના આગેવાન તરીકે પુરુષો માટે બીજી ભૂમિકા પ્રબોધકની છે. પ્રબોધકનું કાર્ય ઈશ્વરનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનું છે. (તેમના સંદેશમાં આવા જ શબ્દો હતા : ''યહોવા આમ કહે છે'') આપણાં બાળકોને બાઈબલ શીખવવાનો આપણો લ્હાવો છે. (પુનર્નિયમ ૬:૬,૭) હે પ્રભુ, હું મારા કુટુંબને તમારા વચનો વાંચી અને શીખવતો હોઉં ત્યારે મારા વર્તન દ્વારા નમૂનો આપું એવું થવા દો.

(૩) પૂર્ણ કર્યું : વધસ્તંભ પર ''સંપૂર્ણ થયું'' એ પોકારીને (યોહાન ૧૯:૩૦) ઈસુએ સ્વીકાર્યું કે તેણે જગતને બચાવવાનું કાર્ય પૂર્ણ કર્યું. જે કરવાનું હતું તે સર્વ થઈ ગયું. પ્રભુ, જ્યારે મારો વિદાય લેવાનો સમય આવે ત્યારે ઈશ્વરના પુરુષ તરીકેનું મારું તેડું શ્રેષ્ઠ રીતે પૂર્ણ થાય એવું થવા દો. (૨ તિમોથી ૪:૭)

(૪) સહાય કરવી : પ્રેમ દર્શાવવાની સૌથી વ્યવહારુ રીત એ છે કે બીજાને મદદ કરવી. આશીર્વાદિત કુટુંબ એ છે જેમાં માતા-પિતા તેમનાં બાળકોને તેઓ જે મેળવે છે તે અન્ય લોકો સાથે વહેંચતા શીખવે છે. પાઉલ પ્રેરિત આપણને કામ કરવા વિનંતી કરે છે. જેથી જરૂરિયાતમંદ લોકોને આપવા માટે આપણી પાસે કંઈક હોય. (એફેસી ૪:૨૮) તમારા કુટુંબને બીજાઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બનવા ઉત્તેજન આપો.

(૫) ભજનનો સમય : વિશ્વમાં ઉથલપાથલ છે. બધે ઘોંઘાટ અને અવાજો છે. આમાંના ઘણા અવાજો આપણું ધ્યાન દોરે છે. જ્યારે આપણે તેમના વચન પર વિચાર કરીએ અને ઈશ્વરના અવાજને પ્રાર્થનાપૂર્વક સાંભળીએ છીએ ત્યારે આપણને એકાંતની જરૂર છે. (ગી.શા. ૪૬:૧૦) હે ઈશ્વર, મને કૃપા કરીને શાંત કરો અને મારી સાથે વાત કરો.

(૬) આભાર માનો : ''યહોવાનો આભાર માનો, કેમકે તે ઉત્તમ છે. તેની કૃપા સદાકાળ ટકે છે.'' (ગી.શા. ૧૦૭:૧) આભારીપણું એ પ્રથમ તમારી લાગણીની બાબત નથી, પરંતુ તમારી ઈચ્છાનો નિર્ણય છે. ઈશ્વરને તેમની પ્રેમાળ સંભાળ અને ભલાઈ તમને નવી રીતે પ્રગટ કરવા જણાવો.

(૭) પ્રેમાળ ઈશ્વર : ''પણ જેઓ તેના પર પ્રીતિ રાખે છે તેઓ જેમ સૂર્ય પૂર્ણ તેજથી ઉદય પામે છે, તેના જેવા થાઓ.'' (ન્યાયા. ૫:૩૧) જેમ ચંદ્ર સૂર્યના પ્રકાશને પ્રતિબિંબિત કરે છે, તેમ આપણું જીવન ઈશ્વર માટેના આપણા પ્રેમને પ્રતિબિંબિત કરે છે. જેમ તમે ઈશ્વરની હાજરી શોધો છો અને તેમના વચનોનો અભ્યાસ કરો છો એ જ પ્રમાણે તમારો પ્રેમ ઈશ્વર માટે વધે છે.

(૮) જોનાર આંખો : ''તેણે ફરી તેની આંખો પર હાથ મુક્યા અને તાકીને જોયું ને સાજો થયો ને સઘળું સ્પષ્ટ રીતે દીઠું'' (માર્ક ૮:૨૫) ઈશ્વરને તમારી આંખો ખોલવા માટે જણાવો અને તમારી આસપાસ ઘેરાયેલા લોકોને સ્પષ્ટપણે જોઈ શકાય તે માટે પણ જણાવો.

(૯) મિલકત : ''કેમ કે જેઓ બંધનમાં હતા તેઓની પ્રત્યે તમે સહાનુભૂતિ દર્શાવી, અને તમારી માલમિલકત લૂંટી લેવામાં આવી ત્યારે તમે આનંદથી તે સહન કર્યું, કેમ કે એ કરતાં વિશેષ સારું અને અક્ષય ધન તમારે માટે સ્વર્ગમાં છે, એ તમે જાણતા હતા.'' (હિબ્રુ ૧૦:૩૪) હે ઈશ્વર તમારા અનંતજીવનની ભેટ માટે અને તમારા વચનો જે સર્વ સંપતિથી પર છે તેને માટે તમારો આભાર માનીએ છીએ.

(૧૦) શંકા : શું દેવે તમને ખરેખર એવું કહ્યું છે ? (ઉત્પતિ ૩:૧) સર્પના આ પ્રશ્નને ધ્યાનમાં રાખવાની તૈયારી સાથે માનવજાત માટે આફત શરૂ થઈ. આજે પણ દુશ્મનની યોજના એવી જ છે. ગીતકર્તાના શબ્દોને તમારા પોતાના શબ્દો બનાવો. (ગી.શા. ૧૧૯:૧૦૫) ''મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે, તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે.''

(૧૧) દ્રાક્ષારસ : ''મદ્યપાન કરીને મસ્ત ન થાઓ, એ દુર્વ્યસન છે, પણ પવિત્ર આત્માથી ભરપૂર થાઓ.'' (એફેસી ૫:૧૮) તમારા ઈરાદાઓ વિશે સાવધ રહો અને તમારી અગ્રિમતાઓ તપાસો. કોઈપણ જુસ્સાનો સામનો કરો જે તમારા મન પર છવાઈ જતું હોય. બલ્કે તમારા મનને ઈશ્વરના વચનોથી ભરાવા દો. પછી પવિત્ર આત્મા તમને સમજણ અને માર્ગદર્શન આપશે.

(૧૨) વધસ્તંભે જડાયો : ''હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, તો પણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે.'' (ગલાતી ૨:૨૦) શુભસંદેશ ! ખ્રિસ્ત તમારા અને મારા માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા. તેમણે આપણને પાપના દંડમાંથી મુક્ત કર્યા. આપણો આદમનો સ્વભાવ તેમની સાથે જડાયો હતો. વિશ્વાસ દ્વારા કૃપાથી આપણે ઈશ્વરના સંતાનો તરીકે નવો જન્મ થયો છે. ખ્રિસ્તના આત્માને તમારા દ્વારા જીવવા દો.

(૧૩) નિમ્નતા : ''કેમ કે તમે હજી સાંસારિક છો, કેમ કે તમારામાં ઈર્ષા તથા કજિયા છે, માટે શું તમે સાંસારિક નથી ?'' (૧ કરિંથી ૩:૩) જૂની વિચારસરણી આપણને બંધનમાં રાખે તે કેટલું સરળ છે. ઈશ્વરના આત્માને તમારા મન અને વર્તનને બદલવાની મંજુરી આપો અને સ્વાર્થી મહત્વકાંક્ષાઓ અને નિમ્ન માનસિકતા માટે સાવધ રહો.

(૧૪) બીજાઓને માફી આપવી : ''એકબીજાનું સહન કરો ને જો કોઈને કોઈની સાથે કજિયો હોય તો તેને ક્ષમા કરો, જેમ ખ્રિસ્તે તમને ક્ષમા આપી તેમ તમે પણ કરો.'' (કલોસી ૩:૧૩) આપણે ખ્રિસ્તનું અનુકરણ કરવાનું પસંદ કરી શકીએ છીએ. કારણ કે આપણે તેને આપણી ઈચ્છા અને લાગણીઓ પર નિયંત્રણ રાખવાનું જણાવી શકીએ છીએ. જો આપણે એકબીજાને પ્રેમ કરીએ અને માફ કરીએ તો જગત આપણા વિશ્વાસની પ્રામાણિકતાને સરળતાથી ઓળખી જશે.

(૧૫) અભિમાન : ''તમે સઘળા એકબીજાની સેવા કરવાને સારુ નમ્રતા પહેરી લો, કેમ કે દેવ ગર્વિષ્ઠોની વિરુદ્ધ છે, પણ તે નમ્ર માણસો પર કૃપા રાખે છે.'' (૧ પિતર ૫:૫) દરેક પાપના મૂળમાં ઈશ્વર તરફથી સ્વતંત્રતા અને અભિમાન હોય છે. વિશ્વના સર્જક અને પાલનહાર જ આપણી આરાધનાને યોગ્ય છે. તેમની સાથેના સંબંધને તમારા બધા સંબંધો નક્કી કરવા દો.

(૧૬) પસંદગીઓ : ''જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી, અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે !'' (ગી.શા. ૧:૧) આપણે જેની સોબત રાખીએ છીએ તે આપણાં મૂલ્યો અને પસંદગીઓને પ્રતિબિંબિત કરે છે. જો જરૂરી હોય તો એકલા રહેવાની હિંમત રાખો, કારણ કે જો તમે ઈશ્વર સાથે ચાલવાનું પસંદ કરો છો તો તમે હંમેશા આશીર્વાદિત બહુમતી બનશો.

(૧૭) રોકાણ : ''પણ યહોવાના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે, અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે.'' (ગી.શા. ૧:૨) જેમ બાળક તેના માતાપિતાના પ્રેમમાં આનંદ કરે છે, તેમ વિશ્વાસીને ઈશ્વરની હાજરીમાં સલામતી અને સંપૂર્ણ પરિપૂર્ણતા મળે છે. જીવનના અનેક પડકારો માટે તેમની ઈચ્છાને સમજવી અને લાગુ કરવી એ તેમનું શ્રેષ્ઠ અને સૌથી લાભદાયી રોકાણ હશે.

(૧૮) સમૃદ્ધિ : ''વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે, અને જેનાં પાંદડાં કદી પણ ચીમળાતાં નથી, વળી જે કંઈ તે કરે છે તે સફળ થાય છે.'' (ગી.શા. ૧:૩) ગીતશાસ્ત્ર એકમાં બાઈબલ આપણને ફળવંત અને સમૃદ્ધ જીવન માટેની યોજના જણાવે છે. જો ઈશ્વરનું કાર્ય ઈશ્વરની રીતે કરવામાં આવે તો તેમાં કંઈ ખોટ પડશે નહિ. (૧ થેસ્સા. ૫:૨૪)

(૧૯) અંતિમ વચન : ''કેમ કે યહોવા ન્યાયીઓનો માર્ગ જાણે છે, પણ દુષ્ટોના માર્ગનો નાશ થશે.'' (ગી.શા. ૧:૬) આપણા ઈશ્વર જીવતા તથા મૂએલાના અંતિમ ન્યાયાધીશ છે. ગીતશાસ્ત્રના નમૂનાને અનુસરનાર પુરુષ બનો પછી તમે તેમને એક દિવસ એવું કહેતાં સાંભળશો : ''શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, .... આવ અને તમારા માલિકના આનંદમાં પેસ,''

(૨૦) જગતમાં : ''તું તેઓને જગતમાંથી લઈ લે એવી વિનંતી હું કરતો નથી, પણ તું તેઓને પાપથી બચાવે એવી વિનંતી કરું છું.'' (યોહાન ૧૭:૧૫) જો તમે ખ્રિસ્તી છો તો આ દુનિયા તમારું ઘર નથી. તમને અને મને ખ્રિસ્તના સાક્ષી બનવા માટે તેડ્યા છે. તેમણે વધસ્તંભ પર માનવજાતને બચાવી. ઈશ્વર આપણને આજે તેમના એલચી બનવાની સત્તા આપશે.

(૨૧) માણસનો ક્રોધ : ''કેમ કે માણસના ક્રોધથી દેવનું ન્યાયીપણું પાર પડતું નથી.'' (યાકૂબ ૧:૨૦) સરેરાશ ત્રણમાંથી એક સ્ત્રી પુરુષ દ્વારા હિંસાનો અનુભવ કરે છે. જો તમે ક્રોધ અને તિરસ્કારથી ભરપૂર છો તો સહાય માગો. તેથી એકબીજાની સમક્ષ તમારા પાપોની કબુલાત કરો અને એકબીજા માટે પ્રાર્થના કરો જેથી તમે સાજાપણું પામો.

(૨૨) ક્રિયા : ''એ માટે તમે તમારા મનની કમર બાંધીને સાવધ રહો અને ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાની વેળાએ તમારા પર જે કૃપા થશે તેની પૂર્ણ આશા રાખો.'' (૧ પિતર ૧:૧૩) આપણું મન આપણી ક્રિયાઓનું નિયંત્રણ કેન્દ્ર છે, નિયંત્રણમાં રાખો. તમારી પસંદગીઓ દ્વારા વિચારો અને પ્રાર્થના કરો. ઈશ્વરની નજરમાં જે યોગ્ય અને અનંતકાલિક મૂલ્ય ધરાવતું હોય તે પ્રમાણે નિર્ણય કરો.

(૨૩) જીવન માટેનો માર્ગ : ''માર્ગ તથા સત્ય તથા જીવન હું છું. મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી.'' (યોહાન ૧૪:૬) ગ્લોબલ પોઝિશનીંગ સિસ્ટમમાં ૨૪ ઉપગ્રહો છે જે ચોક્કસ ભ્રમણકક્ષામાં પૃથ્વીની આસપાસ ફરે છે. બેથલેહેમનો તારો દેખાયો ત્યારથી ઈશ્વરે ઈસુ ખ્રિસ્તને અનંતકાળ સુધી તેમના જીપીએસ તરીકે આપ્યા છે. તે ઈશ્વરના ઘર માટેનો એકમાત્ર માર્ગ છે. ચાલો તેને શોધીએ.

(૨૪) પૂરતી કૃપા : વ્હાલા ઈશ્વર, મારી આવડતો ઘણી મર્યાદિત છે, પરંતુ તમારી કૃપા અમર્યાદિત છે. તમે મારા પર સર્વ કૃપા કરી શકો છો. ખ્રિસ્ત સાથેના મારા જોડાણ દ્વારા સર્વ પર્યાપ્ત કૃપા મારામાં રહે છે, તેથી, મારામાં તમારું જીવન મને દરેક સારા કામમાં સમૃદ્ધ થવા સક્ષમ બનાવશે. તમારી પૂરતી કૃપા માટે તમારો આભાર માનું છું. (૨ કરિંથી ૯:૮)

(૨૫) વિશ્વાસ એ જ વિજય છે : હે ઈશ્વર, મારા પ્રભુ અને ઉદ્ધારકર્તા ઈસુ ખ્રિસ્તને તમારા આત્માથી નવો જન્મ પ્રાપ્ત કરવા બદલ તમારો આભાર. ઈસુ ખ્રિસ્તે તેમના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા જગત પર વિજય મેળવ્યો છે. હવે તમે મને ખ્રિસ્તમાં જીતનાર બનાવ્યો છે. મારા દ્વારા તમારું વિજય જીવન જીવવા બદલ તમારો આભાર. (૧ યોહાન ૫:૪)

(૨૬) વિશ્વાસથી જીવવું : હે પ્રભુ ઈસુ, તમે જીવન સરળ બનાવ્યું છે. તમે મને ન્યાયી ઠરાવીને ન્યાયી બનાવ્યો છે. જેથી હું તમારા જીવનનો અનુભવ કરી શકુ. તેથી તમારા માટે જીવવાનો પ્રયાસ કરવાનો છોડી દઉં છું. હું વિશ્વાસથી તમારા થકી જીવન જીવવા તમારા પર વિશ્વાસ કરું છું. હવે હું ખરેખર ઈશ્વરના પુત્રના વિશ્વાસથી જીવી રહ્યો છું. (રોમન ૧:૧૭)

(૨૭) વિશ્વાસ બાંધનાર : હે ઈશ્વર, મને તમારો આત્મા આપવા બદલ આભાર. હવે હું તમારું વચન, પવિત્ર બાઈબલ, સમજી શકું છું અને મારામાં તમારા આત્માનો અવાજ સાંભળી શકું છું. મને તમારા વચનો પ્રત્યે સચેત બનાવો, જેથી હું તમારો અવાજ પારખી શકું. તમારાં વચનો મને તમારી ઈચ્છાની ખાતરી આપે છે અને મને તમારામાં વિશ્વાસ કરવા, ભરોસો મુકવા અને આધીન થવા પ્રેરણા કરે છે. (રોમન ૧૦:૧૭)

(૨૮) વિશ્વાસથી ચાલવું : વ્હાલા ઈશ્વર, તમે મને ચાલવાની નવી રીત આપી છે, તેથી હું તમારો આભાર માનું છું. હું મારું જીવન ચલાવવા માટે મારી મર્યાદિત દૃષ્ટિ પર હવે નિર્ભર નથી. હવે મારી પાસે તમારી અમર્યાદિત દૃષ્ટિ છે. તમારા આત્મા પર આધાર રાખીને મને વિશ્વાસથી ચાલવાની સહાય કરવા બદલ આભાર. (૨ કરિંથી ૫:૭)

(૨૯) સરકાર માટે પ્રાર્થના કરો : ''કેમ કે .... ઉન્નતિ આવતી નથી, પણ ઈશ્વર છે, તે જ ન્યાયાધીશ છે, તે એકને નીચે પાડી નાખે છે, અને બીજાને ઉંચો કરે છે.'' (ગી.શા. ૭૫:૬,૭) સરકાર માટે પ્રાર્થના બાઈબલમાં ફરજિયાત છે. (૧ તિમોથી ૨:૧,૨) આપણી દુનિયામાં કંઈપણ અકસ્માતે થતુ નથી. જો આપણે તે આત્મિક બાબતોને સમજી શકતા ન હોય તો પણ આપણે પ્રાર્થના દ્વારા ઈશ્વરની યોજનાનો ભાગ બની શકીએ છીએ.

(૩૦) યુદ્ધનો પ્રકાર : ''કેમ કે આપણું આ યુદ્ધ રક્ત તથા માંસની સામે નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક લશ્કરોની સામે છે.'' (એફેસી ૬:૧૨) ઈશ્વરને પ્રાર્થના કરો કે તમને આત્મિક સમજશક્તિ અને શત્રુઓની યોજનાઓનો સામનો કરવાની ઈચ્છાશક્તિ આપે.

(૩૧) અંતિમ વિજય : ''.... અને તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં નાખી દેવામાં આવ્યો ....'' (પ્રકટીકરણ ૨૦:૧૦) શેતાન હજુ પણ આ જગતનો રાજકુમાર છે. તે હજુ પણ રાજ કરે છે અને વિનાશ, પીડા અને મૃત્યુ લાવે છે, પરંતુ તેનો સમય પૂરો થઈ રહ્યો છે. અંતિમ વિજય ખ્રિસ્ત અને તેમના પર વિશ્વાસ કરનારાઓનો છે. તેથી તેના પર પૂરો ભરોસો રાખો.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Spotify : www.radio882.com/spotify-gujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**